



# પ્રાંતિજમાં કમોસમી વરસાદ અને વાવાઝોડાને લીધે વ્યાપક નુકશાન

વાતાવરણમાં અચાનક આવેલા પલટાને લીધે પ્રાંતિજ તાલુકા સહિત સાબરકાંઠા જિલ્લા ના અનેક સ્થળોએ વાવાઝોડા સાથે કમોસમી વરસાદ થયો હતો જેથી ભારે નુકશાન થવાનું અનુમાન છે. સાબરકાંઠા જિલ્લામાં બે દિવસથી અચાનક વાતાવરણમાં પલ્ટો આવતા તેજ પવન ફુંકાતા વાવાઝોડું આવ્યું હતું અને બાદમાં કમોસમી વરસાદનું ઝાપટુ પડયું હતું. તાલુકાના વાઘરોડ, બોભા, ઈન્દ્રાજપુર, સોનાસણ બાકલપુર વગેરે સ્થળોએ પવન વાવાઝોડું ફુંકાતા મકાનોના છત-પતરા ઉડી ગયા હતા. ઉપરાંત વીજ થાંભલા તથા ઝાડ ધરાશાયી થયા હતા પરિણામે વીજ પુરવઠો ખોરવાયો હતો. અનેક વિસ્તારોમાં અંધાર પટ છવાઈ ગયું હતું. બીજી તરફ ખેતરમાં શાકભાજી દેશી કેરી, ઉનાળુ બાજરીના પાકને પણ વ્યાપક નુકશાન થવા પામ્યું હતું. કમોસમી માવઠાને કારણે તાલુકામાં થયેલ વ્યાપક નુકશાનને લઈ તંત્ર નુકશાનના આંકડા એકઠા કરવા દોડધામ કરી રહ્યા છે. આ સંદર્ભે ગામે ગામ સર્વેક્ષણ માટે તાલુકા વિકાસ અધિકારી મકવાણાએ કર્મચારીઓને એલર્ટ કરી નુકશાનનો અંદાજ કાઢવા સૂચનાઓ આપી દીધી છે. (તસવીર : સંજય રાવલ)

# કૃષિ મહોત્સવની જ્વલંત સફળતાનો યશ કિસાન શક્તિની જનભાગીદારી : આનંદીબેન પટેલ

ગાંધીનગર, તા. ૨૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે હરિતક્રાંતિના ગુજરાત મોડેલ - કૃષિ મહોત્સવની જ્વલંત સફળતાનો સંપૂર્ણ યશ



કિસાનશકિતની જનભાગીદારીને સમર્પિત કર્યો છે.

ગુજરાતમાં ૨૦૦૫ થી રાજય શાસને શરૂ કરેલા કૃષિ મહોત્સવ અભિયાનના ૧૦માં ચરણનો સૌરાષ્ટ્રના મોરબીમાં મુખ્યમંત્રીશ્રીએ પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ રાજયના ખેડૂતો-કૃષિ પરિવારોને ખેતલક્ષી માહિતી આંગળીના ટેરવે ઉપલબ્ધ થઈશકે તેવા આઈ.ટી. ટેકનોલોજી વિનિયોગ સાથેના I Kisan Portal અને ખેતબજારો-ખેત પેદાશોના ભાવો, ખાતર ઉપલબ્ધિની ઘેરબેઠા સરળ માહિતી પૂરી પાડતા Mobile એપ્સનું લોંન્ચીગ પણ આ પ્રસંગે કર્યું હતું.

ઉનાળાના આકરા ધોમધખતા તાપમાં કૃષિ મહોત્સવના આ અવસરે કિસાનશકિતની વિશાળ ઉપસ્થિતિ જ કૃષિમહોત્સવની સફળતામાં અને રાજયશાસનમાં ખેડૂતોના વિશ્વાસ અને વધુ કૃષિ ઉત્પાદન માટેની નવિન જિજ્ઞાસા દર્શાવે છે તેમ શ્રીમતી પટેલે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

કૃષિના વ્યવસાય સાથે જ પશુપાલન-પશુઉછેર દ્વારા દૂધ ઉત્પાદનમાં અગ્રેસરતા માટે રાજ્યમાં નારીશકિતને દૂધ ઉત્પાદક મંડળીઓનું સુકાન સોંપવામાં આવશે. આ માટે પ્રત્યેક જિલ્લામાં મહિલા દૂધ ઉત્પાદક મંડળીઓને પ્રોત્સાહિત કરવા અને દૂધ મંડળીઓનો કારોબાર નારીશકિતના



હાથમાં આપવાનું અભિયાન ઉપાડવાનું આહવાન મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું.

ગુજરાતમાં આજે ૯ લાખ હેકટર વિસ્તારમાં ડ્રીપ ઈરીગેશન પધ્ધતિ ૬ લાખ ઉપરાંત કિસાનોએ અપનાવી છે અને રાજ્ય સરકારે પણ ડ્રીપ ઈરીગેશન-ટપક સિંચાઈને પ્રાધાન્ય આપતાં ગુજરાત ગ્રીન રિવોલયુશન કંપનીની સ્થાપના કરી છે તેની વિસ્તૃત સમજ મુખ્યમંત્રી શ્રીમતી પટેલે આપી હતી.

સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશમાં નર્મદાના જળસિંચનથી ખેતીવાડી સમૃધ્ધ થઈછે અને સૌની યોજના દ્વારા આ પ્રદેશના ૧૧૫ જળાશયોમાં લોકમાતા નર્મદાનું પાણી પહોચશે. હવે નર્મદાના જળરાશિ આ સૂકા પ્રદેશની કાયાપલટ કરશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવ્યો હતો.

કૃષિ મહોત્સવના આરંભે મુખ્યમંત્રીશ્રીએ કૃષિના ઋષિ-પ્રગતિશીલ ખેડૂતોનું શોલ-પુરસ્કાર અર્પણ કરી સન્માન કર્યું હતું તેમજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ઉત્કૃષ્ટતાને ઈનામોથી નવાજી હતી.

કૃષિમંત્રીશ્રી બાબુભાઈ બોખિરીયા, જિલ્લા પ્રભારી મંત્રીશ્રી સૌરભભાઈપટેલ, શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી આર. સી. ફળદુ તેમજ રાજ્યમંત્રીશ્રીઓએ પ્રાસંગિક સંબોધન કર્યા હતા.

# ક્રાંતિવીર વિનાયક દામોદર સાવરકરના જન્મદિન નિમિત્તે પુષ્પાંજલિ અપાઈ

ગાંધીનગર, તા. ૨૮

વીર સાવરકરની ૧૩૨મી જન્મજયંતિ નિમિત્તે આજે વિધાનસભા પોડિયમ ખાતે તેમના તૈલચિત્રને અધ્યક્ષશ્રી વજુભાઈ વાળા તેમજ વન પર્યાવરણ મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા દ્વારા ભાવસભર પુષ્પાંજલિ અપાઈહતી આ -સંગે મુખ્ય દંડકની પંકજભાઈ દેસાઈ, ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, વિધાનસભા સચિવશ્રી ડી.એમ. પટેલ, શ્રી દિનેશ વ્યાસ તેમજ મોટી સંખ્યામાં અધિકારી/કર્મચારીઓ ઉપસ્થિત રહી પુષ્પ અર્પણ કર્યા હતા.

વીર સાવરકરનો જન્મ ૨૮મી મે ૧૮૮૩ના રોજ નાસિક જિલ્લાના ભગુરમાં થયો હતો. પુનાની ફર્ગ્યુસન કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કર્યા બાદ કાયદાના અભ્યાસ અર્થે ઈંગ્લેન્ડ ગયા હતા. ઈંગ્લેન્ડમાં ફ્રી ઈન્ડિયા સોસાયટી નામની સંસ્થા સ્થાપી દેશની આઝાદી માટે ક્રાંતિકારી ચળવળ શરૂ કરી હતી. બ્રિટિશ સરકારે સરકાર વિરુધ્ધ કાવતરાના કેસમાં તેમની ધરપકડ કરીને ૫૦ વર્ષની કેદની સજા કરી હતી. -થમ તેમને આંદામાનની જેલમાં ત્યારબાદ રત્નાગીરી જેલમાં તબદીલ કરવામાં આવ્યા હતા.

અમાનવીય દશામાં ચૌદ વર્ષનો જેલવાસ ભોગવ્યા બાદ તેમને મુકિત આપવામાં આવી હતી. સન ૧૯૩૭-૪૭ દરમિયાન તેમણે ભારતને અખંડિત રાખવા અને આઝાદી અપવવા અથાક -યત્નો કર્યા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર પંથકમાં ડીસા હાઈવે પર બાદરપુરા પાટીયા નજીક રોડ સાઈડે ઉભએલી જીપને માતેલા સાંઢની જેમ ધસમસતી આવતી ટ્રકના ચાલકે ડ્રાઈવીંગ પર કાબુ ગુમાવતાં જીપમાં બેઠેલા પૈકી બે ના કરૂણ મૃત્યુ થયા હતા.જ્યારે સાતથી વધુને ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માત અંગે પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર પાલનપુર તરફ આવી રહેલી શટલીયા જીપનો ચાલક મુસાફરોને બાદરપુરા નજીક ઉતારી રહ્યો હતો તે સમયે ધસમસતીઆ આવતી ટ્રકનાચાલકે જીપને ધડાકાભેર ટક્કર મારતા જીપમાં બેઠેલા ધર્મા ભગા વાલ્મિકી (ઉં.વ. ૬૦ રહે. કુંભલમેર, તા. પાલનપુર), ગોરધનજી ખીમાજી સાંકલા (ઉં.વ. ૬૦ રહે. રાણીપુર, ડીસા) ના મૃત્યુ થયા હતા.

# કલોલ તાલુકાના ચાંદીસણા ગામ ખાતે કૃષિ રથને કંકુ તિલક કરાયા

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની ગોલથરા તાલુકા પંચાયત સીટના ચાંદીસણા ગામ ખાતે આજરોજ કૃષિ મહોત્સવ ૨૦૧૪ના કાર્યક્રમ યોજાયો હતો. કૃષિ મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત ચાંદીસણા ગામમાં આવેલા કૃષિરથને ગોલથરા, ચાંદીસણા અને આમજાના ગ્રામજનોએ ઉત્સાહભેર કંકુ તિલક કરીને આવકાર આપ્યો હતો. પશુ આરોગ્ય મેળાનો પણ ગ્રામજનોએ મોટા -માણમાં લાભ લીધો હતો.

કૃષિરથની સાથે આવેલા મદદનશી ખેતી નિયામક (લેબ) શ્રી કે. કે. પટેલે ઉપસથિત સર્વે ખેડૂતોને વૈજ્ઞાનિક અને ટેકનોલોજીના માધ્યમથી ઉત્તમ ખેતી કેમ કરી શકાય અને ઉત્પાદન કેમ વધુ મળે તેની દષ્ટાંત રૂપ વિસ્તૃત માહિતી આપી હતી. તે ઉપરાંત તેમણે કૃષિ સંલગ્ન વિવિધ સહાય યોજનાઓ અને ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનાની પણ વાત કરી હતી.

આ -સંગે મદદનીશ ખેતી નિયામક ( જૈવિક) શ્રી ડી.જે.પટેલે સોઈલ હેલ્થ કાર્ડ અને જૈવિક ખેતી, જી.જી.આર.સીના શ્રી કલ્પેશ પટેલે ટંપક સિંચાઈ પધ્ધતિ, વડનગર કાંસ પેટા વિભાગના મદદનીશ ઈજનેર શ્રી એસ.આર.ચૌધરીએ માઈક્રો ઈરિગેશન અને સિંચાઈ, ખેતી અધિકારી શ્રી આર.ડી રબારીએ આઈ કિસાન પોર્ટલ વિશે, બાગાયત અધિકારી શ્રી નરેશભાઈ પટેલે બાગાયત પાકો અને સરકારની વિવિધ યોજનાઓ, કૃષિ વૈજ્ઞાનિક શ્રી એચ. એન.પટેલે વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવાથી થતાં ફાયદા અને અન્ય કૃષિ સંલગ્ન માહિતી, મદદનીશ ખેતી નિયામક (જમીન )શ્રી બી. જે. પટેલે બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ અને વાવણીના સમય વિશેની અને ગ્રામ સેવક શ્રી પી.કે.પટેલે સારી ખેતી માટેનું માર્ગદર્શન આપ્યું હતું. નાયબ માહિતી નિયામક શ્રી -જ્ઞા પટેલે કૃષિ મહોત્સવ થકી ખેડૂતોના ખેત ઉત્પાદનમાં થયેલ વૃધ્ધિ, કિસાન જાગૃતિ વગેરે વિશે -ેત્સાહક વાત કરી હતી.

## ક્રેડીટ પ્લાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રૂ. ૨૧૭૬.૫૬ કરોડનો વાર્ષિક ક્રેડિટ પ્લાન રજૂ કરવામાં આવ્યો. જેમાં રૂ. ૧૯૦૨.૨૮ કરોડ પ્રાથમિકતા ક્ષેત્રે ધિરાણ કરવાનો લક્ષ્યાંક રાખેલ છે. જેમાંથી રૂ. ૧૦૨૮.૧૯ કરોડ ખેતીવાડી ક્ષેત્રે, રૂ. ૨૦૩.૪૬ કરોડ નાના લઘુ ઉદ્યોગો માટે, રૂ. ૬.૭૦ કરોડ અન્ય પ્રાથમિકતા ક્ષેત્ર ખાતે ફાળવેલ છે. જેમાં રૂ. ૧૦૫૯૦૭ લાભાર્થીઓનો સમાવેશ થાય છે. ગાંધીનગર તાલુકામાં રૂ. ૯૨૨.૬૨ કરોડ, દહેગામમાં રૂ. ૩૧૭.૨૬ કરોડ, માણસામાં ૨૬૮.૦૪ કરોડ તથા કલોલ તાલુકામાં રૂ. ૩૯૪.૩૦ કરોડ ધિરાણ કરવાનો લક્ષ્યાંક છે.

માર્ચ ૨૦૧૪ વર્ષ અંતિત બેઠકમાં વર્ષ ૨૦૧૩-૧૪ની સમીક્ષા કરવામાં આવેલ જેમાં બેંકોએ પ્રાથમિકતા ક્ષેત્રનો રૂ. ૧૬૯૦.૩૪ કરોડના લક્ષ્યાંક સામે રૂ. ૧૫૬૨.૧૯ કરોડનું ધિરાણ કરેલ અને ૯૨ ટકા સિદ્ધિ હાંસલ કરેલ. નોન પ્રાથમિકતા ક્ષેત્રમાં લક્ષ્યાંકની સામે ૧૨૬૪ ટકા સિદ્ધિ હાંસલ કરેલ છે. વર્ષ ૨૦૧૩-૧૪માં થાપણોમાં કુલ ૧૮૨૧ કરોડનો તથા ધિરાણમાં ૨૦૦૦ કરોડનો વધારો થયેલ છે. જેમાં પ્રાથમિકતા ક્ષેત્રમાં નેટ રૂ. ૪૩ કરોડનો વધારો થયેલ છે. બેંકોમાં કોમર્શીયલ બેંકોએ ૮૯ ટકા પ્રાઈવેટ બેંકોએ ૨૪૪ ટકા તથા ગ્રામીણ બેંક, ડિસ્ટ્રિક્ટ કો.ઓપ. બેંકોએ ૫૩ ટકા જેટલી સિદ્ધિ હાંસલ કરેલ છે. તાલુકા કક્ષાએ ગાંધીનગર તાલુકામાં ૧૦૧ ટકા સાથે ટાર્ગેટ પૂર્ણ કરેલ છે. વર્ષ ૨૦૧૨-૧૩ના પ્રમાણમાં આ સિદ્ધિ ૪૧૯.૬૨ કરોડ વધારે છે જે ૧૫ ટકા જેટલી વધારે છે.

સરકારશ્રીની વિવિધ સ્વરોજગારીની યોજનાઓમાં વજપાઈ બેંકેબલ યોજનામાં ૯૦૦ના લક્ષ્યાંક સામે ૧૦૦ ટકા સિદ્ધ કરેલ છે. વડાપ્રધાનશ્રીની રોજગાર યોજનામાં ૯૬ ટકા તથા સ્વર્ણજયંતિ શહેરી રોજગાર યોજનામાં ૧૧૭ ટકા સિદ્ધિ હાંસલ કરેલ છે. રાજ્ય સરકારશ્રીની પછાત જાતિ નિગમમાં ૨૭ ટકા, મહિલા નિગમની યોજનામાં ૬૨ ટકા તથા જ્યોતિ ગ્રામ યોજનામાં ૫૦ ટકા સિદ્ધિ હાંસલ કરેલ છે. આ બેઠકમાં આ ઉપરાંત વિત્તીય સમાવેશન, કિસાન ક્રેડીટ કાર્ડ, ફાર્મસ ક્લબ, વિ. વિવિધ યોજનાઓની ચર્ચા કરવામાં આવી. કૃષિ મહોત્સવ-૨૦૧૪ અન્વયે દરેક બેંક-શાખાઓને કિસાન ક્રેડિટ કાર્ડ આપવાનો લક્ષ્યાંક ફાળવવામાં આવેલ જે ગાંધીનગર તાલુકામાં ૬૪૧, દહેગામ-૧૧૯, માણસા-૧૫૫ તથા કલોલમાં ૨૮૫ રાખેલ અને કલેક્ટરશ્રી દ્વારા આ લક્ષ્યાંક આગામી ૧૫ દિવસમાં પૂરો થાય તેવો અનુરોધ કરવામાં આવ્યો.

આ બેઠકમાં કલેક્ટરશ્રી પી. સ્વરૂપ, લીડ બેંક-દેના બેંકના ઝોનલ મેનેજર શ્રી ધનંજયકુમાર, રિઝર્વ બેંકના શ્રી જી.કે. ગુરનાની, સ્ટેટ બેંકના રિજીઓનલ મેનેજર સુશ્રી કુહુ ગાંગુલી, બેંક ઓફ ઈંડિયાના આસીસ્ટંટ જનરલ મેનેજરશ્રી શિશુપાલ, લીડ ડિસ્ટ્રીક્ટ મેનેજર શ્રી એ.પી. પુરોહિત, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના પ્રોજેક્ટ મેનેજર સુશ્રી. પૌલોમી પરમાર, બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાનના ડાયરેક્ટર શ્રી રાઓલ, નિગમના પ્રતિનિધિઓ તથા જી.એલ.પી.સી.ના એ.પી.એમ. શ્રી હાર્દિક પટેલ, બેંકોના ડિસ્ટ્રીક્ટ કો. ઓર્ડિનેટરશ્રીઓ, એમએસએમઈના પ્રતિનિધિ તથા ન્યુ ઈન્ડિયા ઈન્સ્યુ. કં.ના પ્રતિનિધિઓ બેઠકમાં હાજર રહેલ.

## ગ્રામસભામાં મુખ્યમંત્રી.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્યવસ્થામાં જે ટયુબવેલથી અપાય છે તેની સાથે નર્મદાનું પાણી પણ મળે તેવી રજુઆત કરવામાં આવી હતી.

ગામ જિલ્લાના મુખ્ય માર્ગ પર આવેલું હોવાથી એસ.ટી. નિગમ ગામ સાથે ઓરમાયું વર્તન દાખવી બસની સુવિધા પણ નથી આપતું જેથી લોકોને ખાનગી વાહનનો આશરો લેવો પડે છે.

એસ.ટી. બસની સુવિધા તાત્કાલિક ઉપલબ્ધ બને તેવી તીવ્ર લાગણી ગ્રામજનોએ વ્યકત કરતા જણાવ્યું હતું કે જિલ્લાના મુખ્ય માર્ગ પર બસો હાથ કરવા છતાં સ્ટેન્ડ મંજૂર થયેલું નહિ હોવાથી ઉભી રહેતી નથી અને ખાનગી વાહનો દ્વારા પ્રજાને અવર જવર કરવી પડે છે.

જિલ્લામાં હાલ ચાલી રહેલા ગ્રામસભા અભિયાનમાં મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે ગઈકાલે હાજરી આપી હતી. તેમણે ગુજરાતના વિકાસ માટેની સરકારનીકટબધ્ધતાને દોહરાવી હતી અને જણાવ્યું હતું સર્વસમાવેશક વિકાસને અગ્રતા એ આ સરકારનો ધ્યેય છે.

## હીટવેવથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાલ મુખ્ય રાજ્ય અને રાષ્ટ્રીય માર્ગો ઉપર અનેક ભારવાહક વાહનો રસ્તાની બાજુમાં ખડકાયેલા જોવા મળી રહ્યા છે. જેમાં વિવિધ ખામીઓ થકી ઉભા થઈ ગયા હોવાના કારણો જાણવા મળ્યા છે. જેમાં મુખ્યત્વે ટાયર ફાટી જવાથી, પંક્ચર થઈ જવાથી,. એન્જીન વધુ ગરમ થઈ જવાથી તથા વાયરીંગ પીગળી જવાથી વાહન ખોટકાઈ ગયાના દાખલા હયાત છે. અતિશય ગરમીથી એન્જીનની ગતિ પણ મંદ પડી જવાથી જે તે જગ્યાએ પહોંચવામાં પણ ઢીલ થઈ રહી છે. જેથી સમયસર માલ ન પહોંચવાથી મુળ માલિક નુકશાન કરી રહ્યા છે તો બીજી તરફ વાહન ધરાવનાર પણ વાહનની ખામીથી નફાને બાજુ નુકશાન વેઠી રહ્યા છે. આમ આ ઉનાળાએ તમામ સ્તરે જનજીવનને અસ્તવ્યસ્ત કરવા ગરમી રૂપી કાળો કેર વર્તાવ્યો છે છતાં કુદરતની આ કરામત સામે મનુષ્ય જીવ વામણો સાબિત થઈ લાચારી ભોગવી રહ્યો છે.

## શબ્દાવલી - ૫૪૦૪



### આડી ચાવી

૧. મહાભારતના યુદ્ધનું મેદાન
૨. ભરવાડ, રબારી જેવી એક જાતિ (૩)
૪. ઉપકાર, આભાર (૨)
૫. બલિદાન (૪)
૯. ફ્રી, વળતર વિના (૩)
૧૧. એક જંતુ (૨)
૧૨. મદ્રાસ આસપાસનો એક પ્રદેશ (૫)
૧૪. દેવી સરસ્વતી (૩)
૧૫. ઉદાસ, ગમમાં ડુબેલ (૪)
૧૭. વહાણ કે વિમાનની દિશા નક્કી કરવા વપરાતું યંત્ર (૩)
૧૯. તાસક, રકાબી (૨)
૨૦. આવેગ, જોશ (૩)

### ઊભી ચાવી

૧. કંકુ (૪)
૨. આડશ, કપાળમાં અંગ્રેજી ‘યુ’ જેવો કરાતો ચાંદલો (૨)
૩. પત્તાની એક રમત (૨)
૬. ગતિ (૪)
૭. ગુપ્ત વાત-બાતમી પહોંચાડનાર (૫)
૮. અડીંગા, ઉતારો, મુકામ(૨)
૧૦. સ્નાન-તરવા માટે બનાવેલ જગ્યા (૪)
૧૩. ‘મડુ’ શબ્દ ઊંધો (૨)
૧૪. જમીનમાં બોડ કરીને રહેતું અણીદાર પીંછાવાળુ પ્રાણી (૩)
૧૬. ગીરો, ગીરવવું તે (૪)
૧૮. વિટપ, ડાળખી (૨)

### શબ્દાવલી ૫૪૦૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) શીકર (૪) ધરપત (૭) શબવાહિની (૯) છીણ (૧૦) નમક (૧૧) ગીગી (૧૨) પગલું (૧૪) લક્ષ (૧૬) ખાણ (૧૭) પાપ (૧૯) લીપણ (૨૧) નિકલ (૨૩) તિર (૨૪) મરકમરક

**ઊભી ચાવી :-** (૧) શીશમહલ (૨) કબ (૩) રવાનગી (૪) ધનીક (૫) પછી (૬) તણખલુ (૮) હિમગીરી (૧૨) પખાલી (૨૦) ણરમા (૨૧) નિમ (૨૨) ભાર

## આકરી ગરમી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાહનોની અવરજવર સાવ ઓછી જણાતી હતી. બજારો પણ સુના થઈ ગયા હતા. ચોતરફ ગરમીનો હાહાકાર જોવા મળ્યો હતો. સુર્યદેવતા આકરા પાણીએ રહેતા વસાહતીઓ અંગારાની તાપની ગરમી અનુભવી રહ્યા છે. આકરા તાપ અને અસહ્ય બફારો રહેતા વસાહતીઓ પરસેવે રેબઝેબ બની ગયા હતા. પંખા અને કુલર તો કામ જ નથી આપતા. એસી પણ ફુલ સ્પીડે જ ચલાવવા પડે છે. સુર્યના પ્રકોપથી બચવા માટે લોકો ટોપી, ચશ્મા અને મોઢે રૂમાલ બાંધીને નીકળતા જોવા મળે છે. કામ સિવાય લોકો ઘરની બહાર નીકળવાનુ પણ ટાળે છે. આજે મહત્તમ તાપમાન ૪૪ ડિ.સે. તો લઘુત્તમ તાપમાન ૨૮.૫ ડિ.સે. નોંધાયું હતું જયારે ભેજનું પ્રમાણ સવારે ૫૩ ટકા અને સાંજે ૧૮ ટકા રહ્યું હતું.

## કામદારોની ગેરહાજરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રમાણે શહેરમાં વધતી જતી ગંદકીના મુદ્દે વિસ્તૃત ચર્ચાઓ માટે ૩૧મીએ સ્ટેન્ડીંગ કમિટીની ખાસ બેઠક પણ બોલાવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જો કે કોર્પોરેશનના સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૩૧મીએ બજેટના કામોની સમીક્ષા માટે બેઠક બોલાવવામાં આવી છે. બે મહિનાથી ચૂંટણીની આચારસંહિતાને લીધે વિકાસના કામો લગભગ ઠપ્પ થયેલા હતા.

## જાહેર નિવિદા

**વાહન સુવિધા (હંકારનારની સેવા સાથેની) / સેવા પુરી પાડવા અંગે**

ગુજરાત રાજ્ય જળસ્રાવ વ્યવસ્થાપન એજન્સીની ગાંધીનગર ખાતેની જિલ્લા જળસ્રાવ વિકાસ એકમ કચેરીમાં એસી. ટવેરા વાહન એકની સુવિધા (હંકારનારની સેવા સાથેની) સેવા પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ તી ૧૩-૦૦ કલાક વચ્ચે તા. ૪/૬/૨૦૧૪ સુધીમાં પ્રાયોજના નિયામકશ્રી જિલ્લા જળસ્રાવ વિકાસ એકમની કચેરી, ગાંધીનગર ખાતેથી અરજી સાથે પ્રાયોજના નિયામકશ્રી જિલ્લા જળસ્રાવ વિકાસ એકમ કચેરીના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચુકાવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને આ કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૧૧/૬/૨૦૧૪ના રોજ ૧૭.૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

**સ્થળ : ગાંધીનગર** **પ્રાયોજના નિયામક**
**તારીખ : ૨૯/૫/૨૦૧૪** **જિલ્લા જળસ્રાવ વિકાસ એકમ**
**માહિતી/૧૭૨/૧૪-૧૫** **ગાંધીનગર**

## ઓન-લાઈન જાહેર નિવિદા નં. ૨ સને ૨૦૧૪-૧૫.
## માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવ્યા મુજબના કામો માટે કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૧, પ્રથમ માળ, ‘બી’ બ્લોક, પાટનગર યોજના ભવન, સેક્ટર નં. ૧૬, ગાંધીનગર પીન ૩૮૨૦૧૬ ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૧૪૭ દ્વારા ઓનલાઈન ગાંધીનગર શહેરના સરકારી મકાનોની મરામત અને જાળવણીના કુલ ૭ (સાત) કામો રૂ. ૩.૮૭ લાખથી રૂ. ૨૮૫.૦૦ લાખ સુધીના ‘બી-૧’ ટેન્ડરથી રજીસ્ટર્ડ કોન્ટ્રાક્ટરો અનુ. નં. ૧, ૨ અને ૫ થી ૭ કે ‘ઈ-૨’ શ્રેણી અને ઉપર તથા અનુ. નં.૩ ઈ-૧ અને ઉપર તથા અનુ. નં. ૪ ‘બી’ વર્ગ અને ઉપરની શ્રેણીનું રજીસ્ટ્રેશન ધરાવતા હોય તેવા ઈજારદારશ્રીઓ પાસેથી માટે ભાવો માંગવામાં આવે છે.

ટેન્ડરના દસ્તાવેજો અમારી વેબસાઈટ www.rnb.nprocure.com ઉપરથી તા. ૨૬/૫/૨૦૧૪ થી તા. ૩/૬/૨૦૧૪ સુધી જોવા મળી શકશે તેમજ ડાઉનલોડ કરી શકાશે. અને તા. ૪/૬/૨૦૧૪ના રોજ ૧૨.૩૦ કલાકે ટેન્ડરો ઓનલાઈન અત્રેની કચેરીમાં ખોલવામાં આવશે. તા. ૪/૬/૨૦૧૪થી તા. ૧૦/૬/૨૦૧૪ના રોજ અસલમાં ટેન્ડર ફી તથા બાનાની રકમ આ કચેરીએ આર.પી.એ.ડી.થી મોકલી આપવાના રહેશે. અન્ય માહિતી અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે. હવે પછીના તમામ સુધારા અમારી વેબસાઈટ ઉપર જોવા વિનંતી છે. **માહિતી/૧૬૭/૧૪-૧૫**

ટચૂકડી જાહેર ખબર
ભાડે આપવાનો છે
રાધે રેસીડન્સી, પ્રતિક મોલ સામે, 3BHK ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ તાત્કાલિક ભાડે આપવાનો છે.
સંપર્ક : ૯૯૨૫૨ ૩૨૧૮૪
(દલાલ માફ કરે)

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ